ISSN : 2394-3663

# માધુકરી

વર્ષ : 7 જૂન - 2022 અંક : 1

| ક્રમ | વિષય | પેજ |
|---|---|---|
| | સંપાદકીય : 'શિક્ષણનું પતન એટલે સમાજનું પતન, રાષ્ટ્રનું પતન'<br>ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ | 03 |
| 1. | પ્રાચીન યુગ અને ત્યાર પછીના સમયગાળા દરમ્યાન ભારતમાં અને પશ્ચિમમાં આર્થિક વિદ્વત્તા કે વિજ્ઞતા<br>આર્નબ મજુમદાર<br>અનુવાદક : ડૉ. હર્ષિદા એચ. દવે | 05 |
| 2. | ભારતમાં સામાજિક વિજ્ઞાન સંશોધન નીતિની પુનઃવિચારણા<br>સુખદેવ થોરાટ, સમર વર્મા,<br>અનુવાદક : ડૉ. હર્ષિદા દવે | 22 |
| 3. | દલિત અને મહિલા આંદોલનનો અવાજ : ગેલ ઓમ્વેદ્દ્ત<br>ડૉ. વંદના પરમાર | 35 |
| 4. | ટિસ્યૂકલ્ચર કેળની ખેતી કરતા ખેડૂતોનો અભ્યાસ (નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના હજરપુરા અને ભુછાળ ગામના સંદર્ભમાં - તુલનાત્મક અભ્યાસ<br>શીતલ માળી | 41 |
| 5. | ગુજરાતનો પ્રવાસન. ઉદ્યોગ અને દલિતો<br>ડૉ. રાજેશ લકુમ | 51 |

**સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈકોનોમિક એન્ડ સોશિયલ રિસર્ચ**

થલતેજ પથ, અમદાવાદ-380054

Scanned with CamScanner

# દલિત અને મહિલા આંદોલનનો અવાજ : ગેલ ઓમ્વેદ્ત

– ડૉ. વંદના પરમાર*

**પ્રસ્તાવિક (Abstract) :**

દલિત, મહિલા અને બહુજન આંદોલનની મહત્ત્વની અવાજ માનવામાં આવતી ગેલ ઓમ્વેદ્તનું ૨૫ ઑગસ્ટ, ૨૦૨૧ના રોજ મહારાષ્ટ્રના સાંગલી જિલ્લાના કાસેગાઉંમાં ૮૧ વર્ષની વયે અવસાન થયેલ હતું; જેથી ભારતમાં ચાલતા પ્રતિકાર આંદોલનમાં મહત્ત્વની ખોટ ઊભી થઈ છે. તેઓ અમેરિકન મૂળનાં ભારતીય નિવાસી હતાં. તેમને ભારતમાં મહાત્મા ફૂલેના કાર્ય, બાબાસાહેબ આંબેડકરની વિચારધારા તેમજ બિન-બ્રાહ્મણ ચળવળો ઉપર પ્રકાશ આપવાના કાર્યમાં તેમનું મહત્ત્વનું યોગદાન રહેલ છે. આ ઉપરાંત, તેમણે દલિત રાજકારણ, જાતિ વિરોધી આંદોલન તથા મહિલા સંઘર્ષનો અવાજ આપવાનું કાર્ય પણ કરેલ છે. પ્રસ્તુત લેખમાં, તેમના પ્રતિકાર ચળવળોમાં આપેલ યોગદાન પર પ્રકાશ આપવાનો પ્રયાસ કરવામાં આવેલ છે જેમાં પ્રથમ તેમનું પ્રારંભિક જીવન, તેમનું ભારતમાં સંશોધન, મહત્ત્વનાં પુસ્તકો તેમજ દલિત, બહુજન અને મહિલા સંઘર્ષના પરિપ્રેક્ષ્યમાં તેમની વિચારધારાને યોગદાનને સમજવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

**ચાવીરૂપ શબ્દો** ગેલ ઓમ્વેદ્ત, દલિત અને બિન-બ્રાહ્મણ ચળવળો, મહિલા સંઘર્ષ, બહુજન આંદોલન

**પ્રારંભિક જીવન અને કાર્ય :**

ગેલ ઓમ્વેદ્તનો જન્મ અમેરિકાના મિનેપોલીસ (Minneapolis)માં ૨જી ઑગસ્ટ, 1941ના રોજ થયેલ હતો. તેમણે પોતાનો અભ્યાસ યુનિવર્સિટી ઑફ કેલિફૉર્નિયામાંથી કર્યો હતો. ઈ.સ. 1963માં 22 વર્ષની ઉંમરે પ્રથમ વાર ભારત આવ્યાં હતાં ત્યારે માત્ર એક વર્ષ માટે રોકાયા હતા. ઈ.સ. 1971માં જ્યારે તેઓ પોતાના સંશોધન માટે ભારત આવ્યાં ત્યારબાદ અહીંની જાતિ-વિરોધી ચળવળો સાથેનો અનેરો સંબંધ બંધાયો. તેમના સંશોધનના કારણે મહાત્મા જ્યોતિબા ફૂલેના કાર્ય તથા આંદોલનને એક નવી વાચા મળી. તેમના થીસિસનું ટાઈટલ હતું "Cultural Revolt in a Colonial Society: The Non-Brahman Movement in Western India, 1873-1930." તેઓ માત્ર લાઇબ્રેરીમાં બેસીને સંશોધન કરવાને બદલે જમીની હકીકતની સાથે રહીને, લોકોની સાથે કદમ મિલાવીને તેમનાં કાર્યો અને સંમેલનોમાં હાજર રહેતાં હતાં. ભારતમાં તેઓ ટ્રેડ યુનિયન, જાતિ-વિરોધી જૂથો તથા નવા બનેલા ડાબેરી જૂથોની સભાઓમાં પણ ભાગ લેતાં હતાં (Geetha, 2021)

મહારાષ્ટ્રમાં તેમના રહેવાસ દરમિયાન તેઓ ભરત પતાનકારના સંપર્કમાં આવ્યાં, જેઓ એક માર્ક્સવાદી, બૌદ્ધવાદી, ફુલેકરવાદી હતા. જેમની સાથે લગ્ન કરીને તે એક દાયકા પછી ભારતના જ રહેવાસી બની રહ્યા (Shantha, 2021). તેમને ભારત પતાનકાર સાથે મળીને 'શ્રમિક મુક્તિ દલ'ની સ્થાપના કરી હતી. તેઓએ સંશોધનકાર્ય ઉપરાંત સામાજિક ચળવળનાં કાર્યોમાં પણ સક્રિય રીતે સામેલ રહ્યા હતા. તેથી, ભારતના બહુજન વર્ગ માટેની તેમની કામગીરી ખૂબ જ ઉપયોગી છે. ગેલ ઓમ્વેદ્તએ પોતાના જીવનકાળ દરમિયાન દલિત, બહુજન તથા મહિલા આંદોલનનો એક અવાજ બનીને મહત્ત્વનું યોગદાન આપેલ છે. આ ઉપરાંત પણ તેમનાં ઘણાં મહત્ત્વનાં પુસ્તકો છે જેની માહિતી નીચે આપવામાં આવી છે.

**મહત્ત્વનાં પુસ્તકો :**

ગેલ ઓમ્વેદ્તે પોતાના જીવનકાળ દરમિયાન 25થી વધારે પુસ્તકો લખેલ છે તથા એટલા જ એમના સંશોધન-લેખો પણ પ્રકાશિત થયા હતા. તેમનાં મહત્ત્વનાં પુસ્તકોમાં

- Dalit Vision: the anti-caste Movement and Indian Cultural Identity (1975)
- We Shall Smash This Prison: Indian Women in Struggle (1979)
- Land, caste, and politics in Indian states (1982)

* ડૉ. વંદના પરમાર, ઇતિહાસ વિભાગ, એસ. કે. શાહ ઍન્ડ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા : vandana1931@gmail.com



Scanned with CamScanner